VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# અભિયોગ્યતા એક અભ્યાસ

## વિજયસિંહ આઈ.ચૌહાણ, ડો. એ. જે. ભરવાડ

શિક્ષણશાસ્ત્ર વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી

પ્રોફેસર
શિક્ષણશાસ્ત્ર વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી

### *સારાંશ*

*અભિયોગ્યતાના સંદર્ભમાં બે મુખ્ય વિચારધારાઓ પ્રચલિત છે. (૧) અભિયોગ્યતા જન્મજાત અથવા અર્જિત છે, (૨) અભિયોગ્યતા એક ગુણ અથવા અભિયોગ્યતા ઘણા ગુણોનો મળીને પ્રભાવ છે. અભિયોગ્યતા એક વર્તમાન સ્થિતિ છે, જે ભવિષ્ય તરફ સંકેત કરે છે. શિક્ષકો અને માતા પિતાને એવું કહેતા સાંભળ્યા છે કે "એ જન્મથી જ કવિ છે અથવા એનામાં ચિત્રકલા ની પ્રતિભા છે." આ કથન સ્પષ્ટ કરે છે કે વ્યક્તિમાં કંઈક વિશેષ ગુણ પ્રતિભા રાખે છે જે અન્ય માં નથી. વિદ્યાર્થીઓ, બાળકો, ફિલ્મના નાયકો, ઔધોગિકો વગેરેથી વિભિન્ન વિષયો, વ્યવસાયો, કલાકૃતિઓ જેવી અલગ અલગ બાબતોમાં જન્મથી જ વિશેષ યોગ્યતા ધરાવતા હોય છે, અર્થાત આ યોગ્યતા એ જન્મસિદ્ધ હોય છે. સામાન્ય વ્યક્તિ માટે આ ઈશ્વરની દેન, કૃપા કે આશીર્વાદ છે. પરંતુ મનોવૈજ્ઞાનિક માટે એ અભિયોગ્યતા છે. અર્થાત અભિયોગ્યતા કોઈ એક ક્ષેત્ર કે સમૂહમાં વ્યક્તિની કાર્ય કરવાની કુશળતાની વિશેષ યોગ્યતા કે ક્ષમતા છે.*

***ચાવીરૂપ શબ્દો:** અભિયોગ્યતા*

## પ્રસ્તાવના

એક જ જગ્યાએ એક જ કામ કરતી બે વ્યક્તિઓની કામ કરવા અંગેની ચીવટ, આવડત અને ઝડપમાં ઘણો તફાવત હોય છે. આજ બાબત બીજી રીતે જોઈએ તો સમાન ઉંમર, સમાન વાતાવરણ અને સમાન શૈક્ષણિક લાયકાત ધરાવતા બે વિદ્યાર્થીઓને સરખી તાલીમ આપીને કોઈ વ્યવસાય માટે તૈયાર કરવામાં આવે તો પણ બંને સરખી રીતે સફળ કે નિષ્ફળ જતા નથી. આપણી આસપાસ કામ કરતી ગમે તે ક્ષેત્રની બે વ્યક્તિઓને સરખાવી જુઓ તે પોતાના કામમાં એક સરખું પ્રભુત્વ ધરાવતી નથી. એક સમાન શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર ધરાવતા બે શિક્ષકો કોઈ એક જ એકમ ઉપર એક સમાન પરિણામ આપી શકતા નથી. આ બધા પાછળ અનેક પરિબળો જવાબદાર હોય છે. જેમાં શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક, કૌટુંબિક અને આનુવંશિક પરિસ્થિતિઓ જુદી જુદી હોય છે. માનસિક અને શારીરિક પરિબળોમાં રસ, રુચિ, વલણ, અભિયોગ્યતા, બુદ્ધિ, સ્વાસ્થ્ય, ધીરજ જિજ્ઞાસાવૃત્તિ જેવા પરિબળોનો સમાવેશ કરી શકાય છે.

## અભિયોગ્યતાની સંકલ્પના

સામાન્ય શબ્દોમાં કહીએ તો અભિયોગ્યતા એ વ્યક્તિની સુષુપ્ત અને આંતરિક કાર્યશક્તિ છે. તાલીમ દ્વારા વિશિષ્ટ આવડતો, કૌશલ્યો અને અપેક્ષિત પ્રતિચારો વિકસાવવા માટે આ શક્તિઓનો ઉપયોગ કરી શકાય છે. વ્યક્તિઓની

http://vidyajournal.org

આવી શક્તિઓની જાણ કરીને તેને યોગ્ય તાલીમ અને વાતાવરણ પૂરા પાડવામાં આવે તો તેની કોઈ વિશિષ્ટ આવડતનો વિકાસ કરી શકાય છે.

-એફ. એસ. ફ્રીમેન જણાવે છે કે.....

An aptitude is a combination of an individual's capacity to acquire some specific knowledge, skill of set of organized response, such as the ability to speak a language, to become a musician, to do Mechanical work etc.

અભિયોગ્યતા એ વ્યક્તિમાં રહેલી ગર્ભિત કે સુષુપ્ત શક્તિ છે જે કાર્ય કરવા માટેની અને તાલીમ આપવાથી કૌશલ્ય પ્રાપ્ત કરવાની જૈવીય વારસાગત શક્તિ છે

## અભિયોગ્યતાનું સ્વરૂપ

અભિયોગ્યતા પર અસર કરતા પરિબળો નિશ્ચિત કરવાનું કામ ઘણું મુશ્કેલ છે. તે જન્મજાત હોય છે કે વ્યક્તિની વાતાવરણ સાથેની આંતરક્રિયા દ્વારા તેનો વિકાસ થાય છે તે ચોક્કસપણે કહી શકાય નહીં. તેમ છતાં મનોવૈજ્ઞાનિકો બે પાસાઓને ધ્યાનમાં રાખીને અભિયોગ્યતાના સ્વરૂપ અંગે સમજ આપે છે.

એક તો એ કે અમુક કુદરતી બક્ષિશને કારણે વ્યક્તિમાં અમુક અભિયોગ્યતાઓ જોવા મળી શકે છે દા.ત. મધુર અવાજ ધરાવતી વ્યક્તિને તાલીમ આપીને ગાયક બનાવી શકાય છે. વ્યક્તિની આંગળીઓ લાંબી હોય તો તેને તાલીમ આપીને ટાઈપીસ્ટ બનાવી શકાય છે. આવી અભિયોગ્યતાઓને જન્મજાત અભિયોગ્યતા તરીકે ઓળખાવી શકાય છે. અહીં એક વાત નોંધ લેવી પડે કે દરેક કિસ્સામાં મધુર અવાજ ધરાવતી વ્યક્તિ સારી ગાયક બને અને લાંબી આંગળી ધરાવતી વ્યક્તિને સારી ટાઇપીસ્ટ બનાવી જ શકાય તે શક્ય નથી.

બીજી રીતે જોઈએ તો અમુક વખતે વ્યક્તિ લાંબા ગાળા સુધી કોઈ ચોક્કસ વાતાવરણમાં રહે અથવા તો ચોક્કસ કૌશલ્યો ધરાવતી વ્યક્તિ સાથે રહે તો તેની અમુક આવડતોનો વિકાસ થાય છે. દા. ત. માતા-પિતા બંને સારા સંગીતકાર હોય અને ઘરનું વાતાવરણ સંગીતમાં રહેતું હોય તો બાળક પણ સંગીતમાં રસ ધરાવી શકે છે અને તેને તાલીમ આપીને સંગીતકાર બનાવી શકાય છે. આવી અભિયોગ્યતાઓને વાતાવરણજન્ય અભિયોગ્યતા તરીકે ઓળખાવી શકાય છે. જો કે દરેક કિસ્સામાં આવું બને તે શક્ય નથી જેમ કે દરેક સફળ તબીબ દંપત્તિનો પુત્ર પણ તબીબ જ બને એવું દરેક કિસ્સામાં જોવા મળતું નથી.

- નીચેના ત્રણ આધાર ઉપર અભિયોગ્યતાનું સ્વરૂપ નિર્ભર કરે છે.

1. અભિયોગ્યતા એક અથવા બહુપરિમાણીય: અત્યાર સુધી પ્રચલિત છે કે અભિયોગ્યતા એકાત્મક છે, પરંતુ આધુનિક સંશોધનોએ તારણ કાઢ્યું છે કે અભિયોગ્યતા બહુ પરિમાણીય છે. તે એક સામાન્ય લક્ષણનું પરિણામ નથી. કેલી એ સાત કારણોનો ઉલ્લેખ કર્યો છે, જે આ મુજબ છે... સંખ્યાત્મક, ગત્યાત્મક, શાબ્દિક, સંગીતાત્મક, અવકાશાત્મક, યાંત્રિક તથા સામાજિક પરંતુ કેલી પછી પણ અનેક મનોવૈજ્ઞાનિકોએ તેની સંખ્યા 30 થી વધારે જણાવી છે.

2. અભિયોગ્યતા જન્મજાત અથવા અર્જિત: બુદ્ધિનું વિશ્લેષણ કરતી વખતે મનોવૈજ્ઞાનિકોના મગજમાં આ પ્રશ્ન થયો કે વંશપરંપરા અથવા પરિસ્થિતિ આ બંનેમાં વધારે પ્રભાવશાળી કયું છે 20મી સદીની શરૂઆત સુધી મનોવૈજ્ઞાનિકોની ધારણા હતી કે અભિયોગ્યતા વ્યક્તિને વંશ પરંપરાગત રૂપમાં મળે છે. પરંતુ છેલ્લી બે સદીઓના સંશોધનના પરિણામ સ્વરૂપ મનોવિજ્ઞાનિકો એવું માનવા લાગ્યા કે અભિયોગ્યતા ના વિકાસમાં પરિસ્થિતિઓ મોટો ભાગ ભજવે છે અત્યારે આ સાબિત થયું છે કે આ બંને તત્વો બુદ્ધિ, અભિયોગ્યતા, રસ, ક્ષમતા વગેરેને પ્રભાવિત કરે છે.

3. અભિયોગ્યતા પરિવર્તનશીલ અથવા સ્થિર: આ વિવાદનો વિષય છે કે અભિયોગ્યતાઓ સ્થિર રહે છે કે પછી શિક્ષણ, પ્રશિક્ષણ અને પરિસ્થિતિ દ્વારા તેને વધારી શકાય છે. આ ક્ષેત્રમાં ખુબ જ સંશોધનની જરૂર છે. આમ તો મનોવૈજ્ઞાનિકોની માન્યતા એવી છે કે અભિયોગ્યતાઓ શિક્ષણ, પ્રશિક્ષણ અને પરિસ્થિતિના પ્રભાવથી પ્રભાવિત થઈ શકે છે. અભિયોગ્યતા એ સ્થિર નથી બદલાતી રહે છે, પરંતુ તે ઝડપથી બદલવાનું ધરાવે છે.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY
*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*
**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

## અભિયોગ્યતાના લક્ષણો

- અભિયોગ્યતાએ વ્યક્તિની સુષુપ્ત શક્તિ છે
- એ વ્યક્તિનો વિશિષ્ટ ગુણ છે
- તે વ્યક્તિની આંતરિક શક્તિ છે
- આ શક્તિને વિશિષ્ટ તાલીમ આપીને વ્યક્તિની વિશિષ્ટ આવડતોનો વિકાસ કરી શકાય છે
- વ્યક્તિને કોઈ ચોક્કસ કાર્ય કરવા માટેની તાલીમ માપવામાં આવે તો તેને કેટલી સફળતા મળશે તે અંગેના પ્રમાણની સંભવિત કક્ષા જે તે કાર્ય માટેની વ્યક્તિની અભિયોગ્યતાના આધારે નિશ્ચિત કરી શકાય છે

- ◆ બિંધમના મતે અભિયોગ્યતાની પાંચ વિશેષતાઓ:
- ◆ વ્યક્તિની અભિયોગ્યતા એ વર્તમાન ગુણોનો સમૂહ છે જે તેની ભાવિ ક્ષમતાઓને દર્શાવે છે
- ◆ તે વ્યક્તિની જન્મજાત ક્ષમતા જ નથી પરંતુ કોઈપણ કાર્ય કરવા માટે તેની યોગ્યતા પણ વ્યક્ત કરે છે
- ◆ તે કોઈ વસ્તુનું નામ નથી પણ અમૂર્ત સંજ્ઞા છે કેમ કે તે વ્યક્તિત્વનો એક ભાગ માનવામાં આવે છે, તે વ્યક્તિના ગુણો અથવા લક્ષણો તો સૂચવે છે
- ◆ અભિયોગ્યતા વર્તમાન પરિસ્થિતિમાં પણ ભવિષ્ય તરફ નિર્દેશિત છે, તે ક્ષમતાઓનું પ્રતિક હોય છે
- ◆ અભિયોગ્યતાનો રસ, ક્ષમતા અને સંતોષ સાથે ગાઢ સંબંધ હોય છે.

## અભિયોગ્યતાનું માપન

વ્યક્તિની વિવિધ વિશિષ્ટ શક્તિઓ અને આવડતોના મૂળમાં રહેલી અભિયોગ્યતાઓ ઓળખવા માટે અને તેનું માપન કરવા માટે અભિયોગ્યતા કસોટીઓની રચના કરવામાં આવે છે. મનોવૈજ્ઞાનિક કસોટીઓની જેમ જ અભિયોગ્યતા કસોટીની રચના કરવામાં આવે છે. તેનો ઉપયોગ કરીને વ્યક્તિની ચોક્કસ અભિયોગ્યતાઓ ઓળખીને તેમને ચોક્કસ વ્યવસાય કે કાર્ય માટે તૈયાર કરી શકાય છે.

આવી કસોટી માં જે તે ક્ષેત્ર સાથે સંકળાયેલા તમામ પાસાંઓ પર આધારિત વિગતોનો સમાવેશ કરવામાં આવે છે. વિવિધ પાસાંઓને લગતી અનાત્મલક્ષી, ટૂંકજવાબી કે ક્રિયાત્મક ઉત્તરો ધરાવતી વિગતો તેમાં હોઈ શકે છે વિગતોના પ્રતિચારોનું મૂલ્યાંકન પ્રાપ્તાંકોમાં કરવામાં આવે છે જો અભ્યાસપાત્રોને તેમના દરેક સાચા પ્રતિચાર માટે ૧ અને દરેક ખોટા પ્રતિચાર માટે ૦ ગુણ આપવાના હોય તો ભેદપરખ અને કઠિનતા મૂલ્યને આધારે કલમ પૃથક્કરણ કરવામાં આવે છે. તે સિવાયના કિસ્સામાં 't' મૂલ્ય શોધીને કલમ પૃથ્થકરણ કરવામાં આવે છે.

## અભિયોગ્યતા કસોટીઓનું વર્ગીકરણ

અહીં આપેલ વર્ગીકરણ એ અંતિમ નથી કસોટીના હેતુઓ અને લક્ષણોને આધારે તેમનું અલગ-અલગ રીતે વર્ગીકરણ કરી શકાય છે.

- ✓ શિક્ષક અભિયોગ્યતા
- ✓ યાંત્રિક અભિયોગ્યતા
- ✓ કલા અભિયોગ્યતા
- ✓ વ્યવસાયિક અભિયોગ્યતા
- ✓ વિદ્યાકીય અભિયોગ્યતા
- ✓ શારીરિક અભિયોગ્યતા
- ✓ હસ્તકૌશલ્ય અભિયોગ્યતા

http://vidyajournal.org

- ✓ શાબ્દિક અભિયોગ્યતા
- ✓ ભાષા અભિયોગ્યતા
- ✓ અંક અભિયોગ્યતા
- ✓ કારકુની અભિયોગ્યતા
- ✓ તાર્કિક અભિયોગ્યતા
- ✓ સંગીત અભિયોગ્યતા

## અભિયોગ્યતા કસોટીઓના ઉપયોગો

૧. માર્ગદર્શન:

શાળા અને કોલેજમાં વિષયોની પસંદગી કરવા માટેનું માર્ગદર્શન આપવા માટે અભિયોગ્યતા કસોટીઓનો ઉપયોગ કરી શકાય છે. વ્યક્તિને તેની અભિયોગ્યતા મુજબના વ્યવસાયોની પસંદગી કરવા માટેનું માર્ગદર્શન આપવા માટે પણ આવી કસોટીઓનો ઉપયોગ કરી શકાય છે. વિદ્યાર્થીઓના શાળા કોલેજના પરિણામ પત્રક સાથે અભિયોગ્યતા કસોટીઓના પરિણામ પણ આપવા જોઈએ, જેથી ભવિષ્યમાં તેમને અભ્યાસ માટેના વિષયો અને વ્યવસાય પસંદ કરવા માટેનું માર્ગદર્શન પણ મળી રહે.

૨. નોકરી માટે યોગ્ય ઉમેદવાર ની પસંદગી કરવા:

નોકરી મેળવવા માટે આવેલા ઉમેદવારો માંથી યોગ્ય ઉમેદવારોની પસંદગી માટે અભિયોગ્યતા કસોટીનો ઉપયોગ કરી શકાય છે. નોકરી દરમિયાન વ્યક્તિએ જે કાર્ય કરવાનું હોય તે કાર્ય કરવા માટેની અભિયોગ્યતા તે ધરાવે છે કે નહીં તે જાણવા માટે આવી કસોટીનો ઉપયોગ કરી શકાય છે.

૩. પ્રવેશ:

વિવિધ વ્યવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ ઇચ્છુકો માંથી જે તે વ્યવસાય માટેની અભિયોગ્યતા ધરાવતા ઉમેદવારોની પસંદગી કરવા માટે આવી કસોટીઓનો ઉપયોગ કરી શકાય છે.

અભિયોગ્યતા કસોટીની આટલી ઉપયોગીતા હોવા છતાં ફક્ત તેના આધારે જ કોઈ નિર્ણય લેવો હિતાવવા નથી. વ્યક્તિની અન્ય બાબતો જેવી કે તેનો રસ, રુચિ, વલણ અને તેણે કેળવેલા મૂલ્યોને પણ ધ્યાનમાં લેવા.

## નિષ્કર્ષ

અભિયોગ્યતા એ ખૂબ જ વિસ્તૃત સ્વરૂપ ધરાવે છે, જે વ્યક્તિની એક ઓળખ બને છે. દરેક વ્યક્તિમાં અલગ અલગ પ્રકારની અભિયોગ્યતા જોવા મળે છે જે જન્મજાત હોય કે તાલીમ દ્વારા મેળવી હોય. જેમ કે વર્ણવ્યવસ્થા મુજબના જે કારીગરો છે એમના સંતાનોને તે જન્મજાત મળતી હોય છે. પણ અન્ય વ્યક્તિએ તે કેળવવા માટે તાલીમની જરૂર પડે છે. આ અભિયોગ્યતા એ વ્યક્તિને અન્યથી અલગ તારવી તેની વિશિષ્ટ ઓળખ ઉભી કરે છે. નિર્દેશનના ક્ષેત્રમાં અભિયોગ્યતાનું ખુબ જ મહત્વ છે. વિદ્યાર્થીને વ્યવસાયિક માર્ગદર્શન આપતી વખતે અભિયોગ્યતા વિશેષ મહત્વ ધરાવે છે. સલાહકાર આ માહિતીના આધારે યોગ્ય સલાહ આપે છે. વિદ્યાર્થીઓએ કયા વ્યવસાયમાં પ્રવેશ કરવો જોઈએ. તેની સલાહ ત્યારે જ આપી શકાય જ્યારે વિદ્યાર્થીઓની ક્ષમતાઓ અને યોગ્યતા વિશે માહિતી હોય. વિશેષ અભિરુચિ પરીક્ષણોની મદદથી ચોક્કસ કારકિર્દી માટે લોકોને પસંદ કરવાનું સરળ બને આ રીતે અભિયોગ્યતા પરીક્ષણો પણ ભરતી કરનારાઓને મદદ કરે છે.

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

## સંદર્ભસૂચિ


1. દેસાઈ, કે. જી. (૨૦૨૧) મનોવૈજ્ઞાનિક માપન (છઠ્ઠી આવૃત્તિ), અમદાવાદ, યુનિવર્સિટી ગ્ર ંથ નિર્માણ બોર્ડ
2. પટેલ, આર. એસ. (૨૦૧૭) સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર (ચોથી આવૃત્તિ), અમદાવાદ, જય પબ્લિકેશન
3. શાહ, અરવિંદ. એસ (૨૦૦૬) મનોવૈજ્ઞાનિક માપન (પ્રથમ આવૃત્તિ), અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન
4. શુક્લ, એસ. એસ. (૨૦૨૧) શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન (પ્રથમ આવૃત્તિ), અમદાવાદ, રશિીત પબ્લિકેશન
5. શુક્લ, એસ. એસ. (૨૦૨૦) સંશોધન પરિચય અને પદ્ધતિશાસ્ત્ર (બીજી આવૃત્તિ), અમદાવાદ, રિશીત પબ્લિકેશન
6. कुमार, अनिल (२००८) शिक्षा में मापन मूल्यांकन एवं निर्देशन (प्रथम संस्करण), नई दिल्ली, रजत प्रकाशन
7. भार्गव महेश (२००७) आधुनिक मनोवैज्ञानिक प्रशिक्षण एवं मापन (सत्रहवां संस्करण), आगरा, एम. पी. भार्गव बुक हाउस


http://vidyajournal.org